દાખલ થયા તારીખ :– ૦૩/૦૮/૨૦૨૩
કેસ રજી. થયા તારીખઃ– ૦૩/૦૮/૨૦૨૩
કેસ ફેંસલ થયા તારીખઃ– ૦૩/૦૮/૨૦૨૩
સમયગાળો :– ૦૦ વર્ષ, ૦૦ મહીના, ૦૦ દિવસ

**મહેરબાન એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એમ.બી.પુરોહિત સાહેબની કોર્ટમા, વેરાવળ. ગીર સોમનાથ.**

**ક્રિમીનલ કેસ નં. ૧૮૬૪/૨૦૨૩**
**આંક – ૭**

**સરકારશ્રી ...... ફરીયાદી**

**વિરુધ્ધ**

**ગંગાબેન વા/ઓ. કાનાભાઈ ચુડાસમા જાતે કોળી,**
ઉ.વ.૫૩, ધંધો – ઘરકામ,રહે. રામપરા ગામ, લકકી પાન સેન્ટર પાસે,
તા.વેરાવળ. જી.ગીર સોમનાથ. **... આરોપી**

**તહોમત :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ની કલમ ૬૫ (એ.એ.)મુજબ.**
**ફરીયાદપક્ષે તરફે :– વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.તુર્ક**
**બચારપક્ષ તરફેઃ– વિ.વ.શ્રી એ.એમ.પરમાર**
**::– જજમેન્ટ –::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામે આરોપીએ તા. ૦૫/૦૫/૨૦૨૩ ના કલાક ૧૮ઃ૩૦ વાગ્યે રામપરા ગામ નવાપરા વિસ્તાર લકકી પાન સેન્ટર પાસે પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગે.કા. પાસ પરમીટ વગર એક પ્લા.ની થેલીમાં દેશી પીવાનો દારૂ ભરેલ પ્લા.ની નાની નાની કોથળીઓ નંગ– ૧૫ જે દેશી પીવાનો દારૂ આશરે લી.૦૩ જેની કુલ કિ. રૂા. ૬૦/– નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમિયાન ઘરે હાજર નહી મળી આવી તપાસ દરમિયાન પકડાઈ જઈ મજકુર આરોપીએ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોઈ ઉપરોકત ગુન્હા સબબ આરોપી સામે અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થયા બાદ આ કામના આરોપી વિરુધ્ધ ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો. આ કામના આરોપી વિરુધ્ધનો સમન્સ આરોપીને બજતા અત્રેની અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આરોપી સામે આંક – ... થી તહોમતનામું ઘડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીની આંક – ...થી પ્લી નોંધવામાં આવતા તેઓ ગુન્હો કબુલ કરે છે કે બચાવ કરવા માંગે છે તે અંગે પ્રશ્ન પુછતા આરોપીએ તેમની સામેનો ગુન્હો તેમને કબુલ હોવાનું જણાવેલ છે અને તે સાથે આંક – ... થી ગુન્હા કબુલાત પુરસીસ આપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. તેઓ ગરીબ વર્ગના છે અને બાળ બચ્ચાવાળા ઈસમ છે. તેમના કુટુંબમાં તેઓ એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેમના સમગ્ર કુટુંબનો આધાર તથા જવાબદારી તેઓના ઉપર છે. તેથી જો તેઓને કાયદામાં જણાવ્યા મુજબ સજા કરવામાં આવે તો તેમના સમગ્ર કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને પરોક્ષ રીતે તેમના

કુટુંબને સજા થાય તેવી સ્થિતી સર્જાય તેમ છે. તેઓ ગુનાહીત માનસ ધરાવતા નથી તથા તેમને આ ગુન્હા બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં તેઓ આ પ્રકારના ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે.

(૩) આરોપીએ આંક – ...થી રજુ કરેલ કબુલાત પુરસીસ વંચાણે લીધી તથા તે અંગે આરોપીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. આ કામે આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ – ૬૫ એએ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે STATE OF GUJARAT Vs. NATWAR HARCHANDJI THAKOR 2005(1) GLR 709 અને RAMESHCHANDRA BHIKHALAL SONI Vs. STATE OF GUJARAT 2013 (2) GLR 794 ના કેસમાં ઠરાવેલ છે કે, આરોપીની સ્વૈચ્છિક કબુલાત પુરસીસ તેમજ આરોપીની આર્થિક અને સામાજીક પરિસ્થિતિ વિગેરે ધ્યાને લેતા આરોપી સબંધે ખાસ અને પુરતા કારણો જણાય ત્યારે તેને કાયદાથી ઠરાયેલ લઘુતમ સજા અને દંડ કરતા ઓછી સજા અને દંડ નામદાર કોર્ટ કરી શકે છે. હાલના કેસમાં પણ આરોપી ધ્વારા કરવામાં આવેલ સ્વૈચ્છિક કબુલાત તેમજ આરોપીની સામાજીક અને આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લેતા તેમજ આરોપીએ તેમને કરેલ ગુન્હા બદલ ખુબ જ પસ્તાવો થયેલ હોવાની અને ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરવાની ખાત્રી આપેલ હોવાની હકીકત ધ્યાને લેતા આરોપીને તેમની સામેના આક્ષેપિત ગુન્હા અંગે કઠોર સજા ન કરતા હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું મારુ સ્પષ્ટપણે માનવું છે. ઉપરના અંકેદર સંજોગોમાં ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપી ગંગાબેન વા/ઓ. કાનાભાઈ ચુડાસમા જાતે કોળી,ઉ.વ.૫૩, ધંધો – ઘરકામ,રહે. રામપરા ગામ, લકકી પાન સેન્ટર પાસે, તા.વેરાવળ. જી.ગીર સોમનાથનાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ– ૨૫૨ મુજબ સ્વેચ્છાએ ગુન્હો કબુલ હોઈ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ – ૬૫ એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૫૦૦/–(અંકે રૂપીયા પાંચસો)પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ દીન–૦૨ ની સાદી કેસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે રજુ થયેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૩ મી, માહે– ઓગષ્ટ, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૩/૦૮/૨૦૨૩**

**(એમ.બી.પુરોહિત)**
**એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વેરાવળ . ગીર સોમનાથ.**
**GJ01411**